જા. નં. ૫ /ગૂ.વિ.મં./કુ.સ.કા./૨૦૨૩-૨૪

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## ગૂજરાત વિદ્યાપીઠ મંડળ : ૨૦-૦૪-૨૦૨૩

ગૂજરાત વિદ્યાપીઠ મંડળની વર્ષ ૨૦૨૩-૨૪ની પ્રથમ બેઠક તા. ૨૦-૦૪-૨૦૨૩ને ગુરુવારના રોજ બપોરના ૪.૩૦ કલાકે ગૂજરાત વિદ્યાપીઠ મંડળ કાર્યાલય ખાતે આદરણીય કુલપતિશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને મળી હતી. તેમાં નીચેના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા :

| | | |
|---|---|---|
| ૧. | આદરણીય કુલપતિશ્રી આચાર્ય દેવવ્રતજી | - અધ્યક્ષશ્રી |
| ૨. | ડૉ. ભરતભાઈ જોશી | - કુલનાયકશ્રી |
| ૩. | પ્રા. કનૈયાલાલ નાયક | - ટ્રસ્ટીશ્રી |
| ૪. | શ્રી આયશાબહેન પટેલ | - ટ્રસ્ટીશ્રી |
| ૫. | શ્રી હસમુખભાઈ પટેલ | - ટ્રસ્ટીશ્રી |
| ૬. | શ્રી ચંદ્રવદનભાઈ શાહ | - ટ્રસ્ટીશ્રી |
| ૭. | શ્રી સુરેશભાઈ રામાનુજ | - ટ્રસ્ટીશ્રી |
| ૮. | શ્રી વિશાલભાઈ ભાદાણી | - ટ્રસ્ટીશ્રી |
| ૯. | ડૉ. હર્ષદભાઈ એ. પટેલ | - ટ્રસ્ટીશ્રી |
| ૧૦. | શ્રી દિલીપભાઈ ઠાકર | - ટ્રસ્ટીશ્રી |
| ૧૧. | શ્રી રાજશ્રીબહેન બિરલા | - ટ્રસ્ટીશ્રી |
| ૧૨. | ડૉ. જસવંતભાઈ પંડ્યા | - ટ્રસ્ટીશ્રી અને વિભાગીય અધ્યક્ષ, હિન્દી વિભાગ, મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ, અમદાવાદ |
| ૧૩. | ડૉ. જગદીશચંદ્ર ગોઠી | - ટ્રસ્ટીશ્રી અને પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, સાદરા |
| ૧૪. | ડૉ. રાજેન્દ્રભાઈ જોશી | - ટ્રસ્ટીશ્રી અને સંયોજક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરા |
| ૧૫. | ડૉ. અરુણભાઈ ગાંધી | - ટ્રસ્ટીશ્રી અને સહ-પ્રાધ્યાપક, આજીવન વિસ્તરણ વિભાગ, અમદાવાદ |
| ૧૬. | શ્રી નરેશભાઈ ચૌહાણ | - ટ્રસ્ટી અને મદદનીશ પ્રાધ્યાપક, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ, અમદાવાદ |
| ૧૭. | શ્રી મેહુલભાઈ પટેલ | - ટ્રસ્ટી અને સંયોજક, ગ્રામસેવા કેન્દ્ર, ભલાડા |
| ૧૮. | ડૉ. નિખિલભાઈ ભટ્ટ | - મંત્રીશ્રી |

ટ્રસ્ટીશ્રી નરસિંહભાઈ હઠીલા, પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયા, ડૉ. જગદીશચંદ્ર સાવલિયા, ડીનશ્રી, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, સાદરા તથા ડૉ. પ્રવિણકુમાર શર્મા, નિયામકશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલી બેઠકમાં ઉપસ્થિત નહીં રહી શકે તેની ઈ-મેઈલ/ફોનથી જાણ કરવામાં આવી હતી. તેમની ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવામાં આવી.

બેઠકની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી.

ટ્રસ્ટી મંડળના સભ્ય તરીકે નિયુક્ત થયેલ આદરણીય કુલપતિજી આચાર્ય દેવવ્રતજી, ડૉ. હર્ષદભાઈ એ. પટેલ, શ્રી દિલીપભાઈ પી. ઠાકર, પદ્મભૂષણ સુ. શ્રી રાજશ્રીબહેન બિરલા તથા ડૉ. ભરતભાઈ જોશીનું સ્વાગત કરવામાં આવ્યું.

આદરણીય કુલનાયકશ્રી દ્વારા છેલ્લા ત્રણ માસ દરમ્યાન થયેલ કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત અહેવાલ બેઠકમાં રજૂ કરવામાં આવ્યો.

કાર્ય-૧ : તા.૨૭-03-૨૦૨૩ના રોજ મળેલ બેઠકના અહેવાલને બહાલી આપવા તથા તા.૨૭-03-૨૦૨૩ના રોજ મળેલ મંડળની બેઠકના અહેવાલની અમલવારીનોંધને ધ્યાનમાં લેવા અંગે.

ઠરાવ-૧: તા. ૨૭-03-૨૦૨૩ના રોજ મળેલ ગૂજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકના અહેવાલને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું તથા તા. ૨૭-03-૨૦૨૩ના રોજ મળેલ મંડળની બેઠકના અહેવાલની અમલવારી નોંધને ધ્યાને લેવામાં આવી.

કાર્ય-૨ : ગૂજરાત વિદ્યાપીઠ ટ્રસ્ટમાં ટ્રસ્ટીશ્રીઓની ચાર ખાલી જગ્યા અંગે ચર્ચા.

ઠરાવ-૨: ગૂજરાત વિદ્યાપીઠ ટ્રસ્ટમાં ટ્રસ્ટીશ્રીઓની ચાર ખાલી જગ્યા સંદર્ભે આ બેઠકમાં (૧) શ્રી ભૂપેન્દ્રભાઇ ચુડાસમા (૨) શ્રી ક્રિષ્ના કુલકર્ણીના નામના પ્રસ્તાવ મૂકવામાં આવ્યા.

ટ્રસ્ટી તરીકે ઉપરોક્ત નામોના પ્રસ્તાવોને મંડળના સૌ સભ્યોની સંમતિથી તા. ૨૦-0૪-૨૦૨૩થી ત્રણ વર્ષ માટે ટ્રસ્ટી તરીકે નિમણૂક કરવાનું ઠરાવવામાં આવ્યું.

ઉપરોક્ત નવ નિયુક્ત ટ્રસ્ટીશ્રીઓને ટ્રસ્ટના પ્રમુખ તરીકે આદરણીય કુલનાયકશ્રી આમંત્રણ આપશે તથા તેઓને ટ્રસ્ટી તરીકેનું પ્રતિજ્ઞાપત્ર અને સંમતિપત્ર મોકલવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-3 : ગૂજરાત વિદ્યાપીઠ મંડળની વિવિધ પ્રવૃતિઓ અને વ્યવસ્થાકીય બાબતો માટે સમીક્ષા સમિતિ દ્વારા થયેલ કામગીરી બાબતે ચર્ચા.

ઠરાવ-3: ગૂજરાત વિદ્યાપીઠ મંડળની વિવિધ પ્રવૃતિઓ અને વ્યવસ્થાકીય બાબતો માટે સમીક્ષા સમિતિ દ્વારા થયેલ કામગીરી અંગે સમિતિના અધ્યક્ષ દ્વારા (૧) ગૂજરાત વિદ્યાપીઠ મંડળ સમિતિઓની પુનઃ રચના (૨) સમતા અને વિકાસ (3) પ્રોપર્ટી (૪) ક્વાટર્સ (૫) ગ્રામશિલ્પી સંદર્ભે વિગતે માહિતી આપવામાં આવી. આ સમિતિ દ્વારા કામગીરીનો અહેવાલ હવે પછી મળનાર ટ્રસ્ટી મંડળની બેઠકમાં રજૂ કરવામાં આવશે તેમ ઠરાવવામાં આવ્યું. ચર્ચાના અનુસંધાનમાં વધુમાં ઠરાવવામાં આવ્યું કે-

3.૧ ગૂજરાત વિદ્યાપીઠ મંડળ અને ઉચ્ચશિક્ષણની સમિતિઓનું આ સમીક્ષા સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલું વર્ગીકરણ સ્વીકારવાનું ઠરાવવામાં આવ્યું.

3.2 સમીક્ષા સમિતિ પોતાના અહેવાલમાં ગૂજરાત વિદ્યાપીઠ મંડળનાં બંધારણમાં આવશ્યક સુધારાઓ સૂચવે તેમ ઠરાવવામાં આવ્યું.

3.3 ભાડે આપેલી મિલકતોના ભાડાના દરની સમીક્ષા કરી આ સમિતિ સૂચનો કરે તેમ ઠરાવવામાં આવ્યું.

3.૪. બિનાધિકૃત રીતે કે નિયમ વિરૂદ્ધ ફાળવાયેલી કે કબજો કરાયેલી રહેણાંકી તેમજ બિનરહેણાંકી મિલકતોનો કબજો સત્વરે મેળવવા પ્રક્રિયા કરવાનું ઠરાવવામાં આવ્યું.

3.૫ ગૂજરાત વિદ્યાપીઠ મંડળનાં અલાયદા કાર્યાલયની વ્યવસ્થા ગોઠવવાનું ઠરાવવામાં આવ્યું.

3.૬ સમીક્ષા સમિતિ ગ્રામશિલ્પિ પ્રોજેક્ટની સર્વતોમુખી સમીક્ષા કરી અહેવાલ આપે તેમ ઠરાવવામાં આવ્યું.

3.૭ અધ્યાપક નિવાસ જેવાં જર્જરિત મકાનોને જમીનદોસ્ત કરવાની પ્રક્રિયા હાથ ધરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૪ : જમીન ખરીદ કરવા માટે રચાયેલ સમિતિ દ્વારા થયેલ કામગીરી બાબતે ચર્ચા.

ઠરાવ-૪: જમીન ખરીદ કરવા માટે રચાયેલ સમિતિ દ્વારા થયેલ કામગીરી બાબતે સમિતિના અધ્યક્ષ દ્વારા અત્યાર સુધીમાં થયેલ કામગીરીની વિગતે માહિતી આપવામાં આવી. આ સમિતિ દ્વારા કામગીરીનો અહેવાલ હવે પછી મળનાર ટ્રસ્ટી મંડળની બેઠકમાં રજૂ કરવામાં આવશે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૫ : વિવિધ બેંક ખાતાઓમાં નાણાંકીય લેવડ-દેવડની વ્યવસ્થા સંદર્ભે ચર્ચા.

ઠરાવ-૫: ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ બેંક ખાતાઓમાં નાણાંકીય લેવડ-દેવડની વ્યવસ્થા માટે સામેલ યાદી પ્રમાણે હોદ્દાગત સહીકર્તાઓ રાખવા ઠરાવવામાં આવ્યું.

અંતમાં મંત્રીશ્રી દ્વારા બેઠકમાં ઉપસ્થિત આદરણીય કુલપતિશ્રી તથા સર્વ ટ્રસ્ટીશ્રીઓનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી.

તા. ૨૦-૦૪-૨૦૨૩

(ડૉ. નિખિલ ભટ્ટ)
ઇન્ચાર્જ કુલસચિવ